# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-05-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## દેશમાં મોકડ્રીલ:

**ગૃહમંત્રાલયનાં નિર્દેશ મુજબ, નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે કચ્છ સહીત રાજ્યના 14 જિલ્લાઓમાં આવતીકાલે મોક ડ્રીલ યોજાશે.**

**ઉલ્લેખનીય છે કે, ગૃહ મંત્રાલયે કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા દેશનાં 244 પસંદગીનાં જિલ્લામાં ગ્રામ્ય સ્તર સુધી સુરક્ષા અભ્યાસ કરવાનો નિર્દેશ આપ્યો છે.**

**ગુજરાતમાં વડોદરા, સુરત, તાપી, અમદાવાદ, જામનગર, દ્વારકા, પૂર્વ અને પશ્ચિમ કચ્છ, ભરૂચ, ગાંધીનગર, મહેસાણા, ભાવનગર, નર્મદા, નવસારી અને ડાંગમાં મોકડ્રીલ યોજાશે.**

---------------------------------------------------------------------------------------------------

## વરસાદ-વિશેષ અહેવાલ:

**રાજ્યના વિવિધ જિલ્લાઓની સાથે કચ્છમાં પણ છેલ્લા 24 કલાકમાં કમોસમી વરસાદ વરસ્યો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...**

*વેસ્ટન ડિસ્ટબન્સને કારણે પલટાયેલા હવામાનના પગલે રાજ્યના અન્ય જિલ્લાઓની સાથે કચ્છના વિવિધ તાલુકાઓમાં પણ છેલ્લા 24 કલાકમાં કમોસમી વરસાદ વરસ્યો છે. કેટલાક વિસ્તારોમાં ગાજવીજ, પવન અને કરા સાથે વરસાદ પડયો છે.*

*જીલ્લા નિયંત્રણ કક્ષ પાસેથી અમને મળેલી વિગતો મુજબ, અત્યારે ૬ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમ્યાન નખત્રાણા તાલુકામાં સૌથી વધુ ૨૨ મીલીમીટર જયારે લખપતમાં ૧૪ મીલીમીટર વરસાદ વરસ્યો છે.*

*આ ઉપરાંત, ભુજ,રાપર અને અંજારમાં ૭-૭, ભચાઉમાં ૫, તેમજ અબડાસા અને ગાંધીધામ તાલુકામાં ૨-૨ મીલીમીટર વરસાદ નોંધાયો છે.*

*રાપરના આડેસરમાં વીજળી પડતાં 4 પશુઓના મોત થયા છે. તો આ કમોસમી વરસાદને કારણે ઉનાળુ પાકોને નુકસાનની ભીતીથી ખેડૂતો ચિંતાતૂર બન્યા છે. રાપર તાલુકાના બેલા ગામના ખેડૂત અને સમાચાર મિત્ર દલાભાઈ રૂપાણીએ આ વરસાદ અંગે આકાશવાણીને આ મુજબ જણાવ્યું હતું.*

*(બાઈટ-દલાભાઈ રૂપાણી)*

*સમગ્ર જીલ્લામાં વરસાદી માહોલ વચ્ચે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. હજુ પણ આગામી પાંચ દિવસ વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ*

---

## કચ્છમાં માદક પદાર્થ -:

**પશ્ચિમ કચ્છના સરહદી અબડાસા તાલુકાના દરિયાકિનારે માદક પદાર્થના પેકેટ મળવાનો સિલસિલો ચાલુ રહેતા આજે પિંગલેશ્વર બીચ પર વધુ એક ચરસનું પેકેટ મળી આવ્યુ હતું..નેવી ઈન્ટેલીજન્સ,નલિયા એસ.આઈ.બી અને જખૌ પોલીસની સંયુક્ત પેટ્રોલીંગ દરમ્યાન આ પેકેટ મળી આવ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દોઢ માસમાં કુલ 26 પેકેટ મળી મળ્યા છે.**

---

## વિજ જોડાણ નિયમો:

રાજ્ય સરકારે ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણ આપવાની નીતિના નિયમોમાં ત્રણ ફેરફાર કર્યા છે. ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે, આ નિર્ણય બાદ ગામતળની બહાર રહેતા પરિવારોને હવેથી છ કિલોવૉટ સુધીનું સિંગલ ફેઝ વીજ જોડાણ માત્ર ફિક્સ ચાર્જ ભરીને મળશે. આ ઉપરાત ગામતળની બહાર બિન-આદિવાસી વિસ્તારમાં હવેથી 10 મકાનમાં જૂથને પણ જ્યોતિગ્રામ ફિડરમાંથી વીજ જોડાણ અપાશે.

---------------------------------------------------------------------------------------------------------

## ગુણવત્તા યાત્રા:

રાજ્ય સરકાર દ્વારા "ગુણવત્તા યાત્રા"નો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ગુણવત્તા રથ યાત્રા તથા વર્કશોપ યોજાઈ રહ્યા છે.

ગુજરાતની એમ.એસ.એમ.ઈ ઈકોસિસ્ટમને મજબૂત કરવાની દિશામાં ભરાયેલા નિર્ણાયક પગલા હેઠળ ગુણવતા યાત્રા ગાંધીધામ પહોંચી હતી. ગાંધીધામના ચેમ્બર ભવન ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ઉદ્યોગના અગ્રણીઓ, વિષય નિષ્ણાતો તથા સરકારી અધિકારીઓને એકસાથે લાવીને સર્વસમાવેશક અને ટકાઉ ઔદ્યોગિક વિકાસનો માર્ગ તૈયાર કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ ગુણવતા યાત્રા રાજ્યભરમાં આશરે ૫૫ દિવસ સુધી યાત્રા ચાલુ રહેશે. રાજ્યના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રો સહિત અન્ય ૨૦ જિલ્લાઓ સુધી પહોંચશે અને ગુજરાતના ઉદ્યોગોમાં ગુણવત્તા અને ઉત્કૃષ્ટતા પ્રત્યેની પ્રતિબધ્ધાને વધુ મજબૂત બનાવશે.

---------------------------------------------------------------------------------------------------------

## વર્લ્ડ રેડક્રોસ ડે અને વર્લ્ડ થેલેસેમિયા ડે :

૮મી મે વર્લ્ડ રેડક્રોસ ડે અને વર્લ્ડ થેલેસેમિયા ડે ની ઉજવણીના ભાગરૂપે રથયાત્રાનો પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત ગઈકાલે પાંચમી મે થી શરુ થયેલી આ રથયાત્રા ભચાઉથી

**ગાંધીધામ, અંજાર થઈ ભુજ પહોંચી હતી. ભુજમાં રથયાત્રા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીથી પ્રસ્થાન કરીને હમીસર તળાવ થઈ સ્વામિનારાયણ મંદિરથી કલેકટર ઓફિસ પહોંચી હતી.ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી કચ્છ જિલ્લા શાખાના ચેરમેન સહિતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.**

**---------------------------------------------------------------------------------------------------------**